**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૨૩ ટકા

# ખાણી-પીણી બજારનું નવુ સરનામું - રીલાયન્સ ચોકડી

## નગરજનોની અવરજવરથી ધમધમતા આ બજારમાં ૫૦થી વધારે બ્રાન્ડેડ કંપનીઓ ખાણી-પીણીની વાનગીઓ પીરસી રહી છે : જે નગરજનોને પસંદ આવી રહી છે

ગાંધીનગર, તા.૫

શહેરના રીલાયન્સ ચોકડી પાસે ધમધમતુ ખાણી-પીણી બજાર સ્વાદના શોખીનોનું હબ બની ગયું છે. આ ધમધમતા બજારમાં પાણી પુરીથી લઈ ફુલ ભાણું સુધીની અનેક વાનગીઓ નગરજનોના સ્વાદ અને ખીસ્સાને અનુકુળ ઉપલબ્ધ થાય છે. મધ્યમવર્ગને પોસાય તેવું આ બજાર સૌથી વધુ યુવાનોને આકર્ષે છે. જયાં મોડી રાત સુધી યુવાધન ખાણી-પીણીનો અનેરો સ્વાદ આનંદ સાથે માણે છે. નગરમાં આ બજાર ખાણી-પીણીના શોખીન ખાઉધરાનું નવું સરનામું બની ગયું છે.

શહેરના રીલાયન્સ ચોકડી વિસ્તારમાં થોડા સમયમાં જ સંખ્યાબંધ નવી બિલ્ડીંગો આકાર પામી ગઈ છે. આ વિસ્તાર થોડા સમયમાં ભારે ધમધમતો બની ગયો છે અને જોત જોતામાં આ વિસ્તારમાં રીતસરનું ખાણી-પીણી બજાર ઉભું થઈ ગયું છે. આ બજારમાં ફાસ્ટ ફુડ, પાણીપુરી, પંજાબી, ગુજરાતી, ચાઈનીઝ, થાઈ, ઈટાલીયન સહિત દેશી વિદેશી સંખ્યાબંધ બ્રાન્ડેડ કંપનીઓ અહીં આવી ગઈ છે. આ બજારમાં પીઝાની વીલીયન્સ મેન પીઝા, પીઝા પ્લસ, ડોમીનોઝ પીઝા તથા કાકા કાઠીયાવાડી, જયભવાની, લાલસોટ, કર્ણાવતીની દાબેલી, ટી પોસ્ટ, ફરકીની લસ્સી ચાઈવાઈ વગેરેની જાણીતી કંપનીઓ અહીં જાતજાતની વાનગી અને બનાવટો ગ્રાહકોને પુરી પાડી રહ્યા છે. વેજ સાથે આ બજારમાં નોનવેજ અને પંજાબી, ચાઈનીઝ પણ ધૂમ મચાવી રહ્યા છે જયારે શકિત સેન્ડવીચ, ચોકલેટ રૂમ, અપના અડ્ડા, અંડે કા તડકા, એગ પોઈન્ટ તથા નેચરલ આઈસ્કીમ, ડી પોટ આઈસ્કીમ, ચોઈસ આઈસ્કીમ પણ નગરજનોના મનને લલચાવી રહી છે. વહેલી સવારથી ધમધમતા આ ખાણી-પીણી બજારમાં આસપાસની નેશનલ ઈન્ટરનેશનલ સંસ્થા અને શાળા કોલેજના યુવાનો અહીં મોજ મસ્તી સાથે સ્વાદનો આનંદ માણતા નજરે ચડે છે. જયારે મોડી રાત્રે રંગબેરંગી લાઈટથી ચમકી ઉઠતા આ બજારનું દશ્ય અનેરું દેખાય છે. ગાંધીનગરાઓ આ ખાણી-પીણી બજારમાં પરિવાર સાથે આવવાનું પસંદ કરે છે. આ ખાણી-પીણી બજાર નગરજનોને પરવડે તેવું છે અને તેમના ખીસ્સાને અનુકુળ ભાવે અહીં જમવાનું મળી રહે છે. મોડી રાત સુધી ધમધમતા આ બજારમાં નગરજનોની ભારે ચહલપહલ રહે છે અને નગરજનો માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે.

**આ રીલાયન્સ ચોકડી વિસ્તારના ખાણી-પીણીના બજારમાં એક સાથે મોટી મોટી ૬ થી વધારે હોટલ રેસ્ટોરન્ટો ધમધમે છે. આ ખાણી-પીણી બજારમાં વડોદરાની ફેમસ રાજુ આમલેટ પણ ખાવાના શોખીનોને વધુ આકર્ષી રહી છે. જયાં એક-બે નહી પણ ૧૦૦થી વધારે ઈંડાની આઈટમો બનાવવામાં આવી રહી છે.**

●●●

**યુવાનો માટે આ ખાણી-પીણી બજારમાં અપના અડ્ડા અને અપના ગલ્લા તથા પાન કા અડ્ડા બેઠકનું નવું સ્થાન બની ગયું છે. મોડી રાત સુધી યુવાનો અહીં ચાની ચુસ્કી સાથે મોજ માણી વાતોના ગપાટા મારતા નજરે પડે છે.**




# પાટનગર મેડીકલ કોલેજની પીજીની દરખાસ્ત નામંજુર કરાઈ

ગાંધીનગર, તા.૫

રાજયના પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા મેડીકલનો અભ્યાસ શકય બન્યો છે. ત્યારે ચાલુ શૈક્ષણિક સત્રમાં ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા પીજીના અભ્યાસક્રમ માટે મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયામાં દરખાસ્ત કરી હતી. કોલેજ દ્વારા ૧૨ વિભાગમાં પીજીનો અભ્યાસક્રમનો પ્રારંભ થાય તે માટે ગાંધીનગર મેડીકલ કોલેજે દરખાસ્ત કરી હતી. પરંતુ માઈક્રો બાયોલોજી અને પેથોલોજી ડિપાર્ટમેન્ટ માટે દિલ્હીથી એમસીઆઈની ટીમ ઈન્સ્પેકશન માટે આવી હતી. ત્યારે ડોકટરો સહિત મેડીકલ કોલેજનો સ્ટાફ, કોલેજ બાંધકામ સહિત અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર તેમજ દર્દીઓની નિયમિત સંખ્યા એમસીઆઈના સભ્યોએ ચકાસણી કરી હતી. આ તમામ બાબતમાં તો કોલેજ તંત્રએ મેનેજ કરી લીધુ હતું. પરંતુ સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓ માટે અતિ મહત્વના ગણાતા સીટી સ્કેન મશીન તેમજ એમઆરઆઈ મશીન છે જ નહી જે એમસીઆઈના સભ્યોને આ બાબત ઉડીને આંખે વળગી હતી. જેને પગલે એમસીઆઈએ આ અંગેની ગંભીર નોંધ લઈને ખામી જણાતા ગાંધીનગર મેડીકલ કોલેજના ડીનને પીજીની દરખાસ્ત ના મંજુર કરી હોવાનું જણાવી દીધું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષથી સીટી સ્કેન મશીન નથી.તેના કારણે અસંખ્ય દર્દીઓનો અમદાવાદ રીફર કરાય છે. જેથી દર્દીઓ હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે આ જ સીટી સ્કેન મશીનને પગલે દર્દીઓની સાથે સાથે મેડીકલ કોલેજના તંત્રએ પણ હેરાનગતિ વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે સીટીસ્કેન મશીન નહી હોવાના કારણે પીજીના અભ્યાસક્રમ માટે ગાંધીનગર મેડીકલ કોલેજ કવોલીફાઈડ થઈ શકી નથી. હવે સીટીસ્કેન મશીન અને એમઆરઆઈ મશીન આવ્યા બાદ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે ગાંધીનગર મેડીકલ કોલેજ પીજી માટે દરખાસ્ત કરી શકશે. ત્યારે હવે પીજીના અભ્યાસક્રમ શરુ કરવા માટે એમઆરઆઈ અને સીટીસ્કેન મશીન અત્યંત જરુરી બની ગયું છે, ત્યારે હવે જોવુ રહ્યું કે આ બંન્ને અતિ મહત્વના મશીન ક્યારે આવે છે.

# આજે ગાંધીનગરમાં બેરફુટ રનીંગ ઈવેન્ટનું આયોજન

**આઠમા ઈન્ટરનેશનલ બેરફુટ રનીંગ ડે નિમિત્તે ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા ૫ કિમી અને ૧૦ કિમી ઈવેન્ટનું આયોજન**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં તા. ૬ઠ્ઠી મે, રવિવારના રોજ આંતરરાષ્ટ્રીય આઠમા બેરફુટ રનીંગ ડેની ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા આયોજિત આ ઉજવણીમાં પગરખાં વગર ખુલ્લા પગે રનીંગ માટેની ૫ કિમી અને ૧૦ કિમી એમ બે ઈવેન્ટ યોજાશે જેનો પ્રારંભ સવારે ૫.૩૦ કલાકે સરિતા ઉધાન ખાતેથી થશે.

બેરફુટ રનીંગ એટલે કુદરતી રીતે દોડવું જેનો મતલબ છે કે ખુલ્લા પગે પગરખા વગર દોડવું. ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા આયોજિત બેરફુટ રનીંગ ડેમાં ૫ કિમી ઈવેન્ટમાં આશરે ૫ દોડવીરો તથા ૧૦ કિમી ઈવેન્ટમાં આશરે ૯૦ જેટલાં દોડવીરો જોડાશે. આ ઈવેન્ટના પ્રારંભ પ્રસંગે મહેમાન પદે ગુડાના પૂર્વ ચેરમેન આશિષ દવે તથા ગાંધીનગરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહેશે. ઈવેન્ટ દરમિયાન હાઈડ્રેશન પોઈન્ટ, વૉશરૂમ, એમ્બ્યુલન્સ ઉપરાંત રિફ્રેશમેન્ટ જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. સમગ્ર ઈવેન્ટનું આયોજન ગટ્ટુ, દિલીપ, ખુશાલી, જય, રવિ, રંજન અને ભૂમિ જોગાણીએ જહેમત ઉઠાવી છે.

**૫ કિમી અને ૧૦ કિમી બંને માટે અલગ અલગ રૂટ**

બેરફુટ રનીંગ ડેની બંને ઈવેન્ટ સવારે ૫.૩૦ કલાકે સરિતા ઉધાન ખાતેથી પ્રારંભ થશે જેમાં ૫ કિમી ઈવેન્ટના દોડવીરો સર્કીટ હાઉસ થઈ પરત ફરશે જયારે ૧૦ કિમી ઈવેન્ટ સરિતા ઉધાનથી ચ-૦ થી સર્કિટ હાઉસ થઈને સરિતા ઉધાન પરત ફરશે. બંને રૂટના દોડવીરો પરત ફરશે પછી તે સ્થળે જ મેડલ અર્પણ વિધી યોજાશે.

# ચિલોડા સર્કલથી દારૂનો જથ્થો ભરેલુ પીકઅપ ડાલુ પકડાયુ

## ફતેપુરા પાસેથી એલસીબીના હાથે દારૂની હેરાફેરી કરતો એકટીવા ચાલક ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ચિલોડા પોલીસે બાતમી આધારે વૉચ ગોઠવીને ચિલોડા સર્કલ પાસેથી વિદેશી દારૂનો જથ્થો ભરેલ દારૂની હેરાફેરી કરતા પીકઅપ ડાલા સાથે એક શખ્સને પકડી પાડયો છે. તો બીજી તરફ ગાંધીનગર એલસીબીની ટીમે સે-૧૫ ફતેપુરા પાસેથી વિદેશી દારૂની બોટલોની એકટીવામાં હેરાફેરી કરતા એક શખ્સને દબોચી લીધો છે. ચિલોડા પોલીસે રૂ. ૧૦.૭૨ લાખનો અને એલસીબીની ટીમે રૂ. ૨૧૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.




ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલાની ટીમે દારૂ ભરેલા પીકઅપ ડાલાનો પીછો કરી ચિલોડા સર્કલથી ડાલા સાથે એક શખ્સને પકડી પાડયો હતો. હિંમતનગર તરફથી આવેલા આ ડાલામાં તપાસ કરતા ગુપ્ત ખાનામાંથી ૨૨૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. ચિલોડા પોલીસે રૂ. ૬૭,૨૦૦નો દારુ તથા ડાલુ મળી કુલ રૂ. ૧૦,૭૨,૨૦૦ના મુદ્દામાલ સાથે અમદાવાદના શાહપુર ખાતે જુની પોલીસ લાઈનમાં રહેતા મહમદ ઈરશાદ ગુલામ મયુદ્દિન શેખને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઉંડી પુછપરછ શરુ કરી છે. તો બીજી તરફ એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત તથા તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમો દારુ જુગારની પ્રવૃત્તિઓ બંધ કરાવવા દોડી રહી છે ત્યારે બાતમી આધારે સે-૧૫ ફતેપુરા અંબીકાધામની બાજુમાં રોડ ઉપરથી ચેતન ઉર્ફે કાળુ દિનેશ ઠાકોરને જીજે ૧૮ સીઈ ૦૦૮૯ નંબરના એકટીવા સાથે પકડી પાડયો હતો. તેના એકટીવામાંથી ૪ બોટલ મળી આવી હતી. એલસીબીએ રૂ. ૨૧,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અંગ્રેજી સ્ટેનોગ્રાફરની જગ્યાઓ પર કરાર આધારિત નિમણુંકોના કારણે નવયુવાનોને અન્યાય

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સચિવાલય ઉપરાંત રાજયમાં જિલ્લા કક્ષાની કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન, સચિવાલય, વિધાનસભા વગેરેમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧, ૨ અને ૩ તેમજ અંગ્રેજી રિપોર્ટરની વય નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યાઓ પર નિવૃત્ત કર્મચારીઓને કરાર આધારિત ધોરણે લાંબા સમય માટે નિમણૂંકો આપવામાં આવેલ છે તેમજ આ કરારની મુદતો પણ યેનકેન પ્રકારે જેમાં શેહશરમ, સહાનુભુતિ અને ભલામણો થકી વધારી આપવામાં આવી છે જેના કારણે આ ક્ષેત્રે નવયુવાન ઉમેદવારોને ભારે અન્યાય થઈ રહ્યો છે.

નિવૃત્ત કર્મચારીને કરાર આધારિત નિમણુંક આપવાની પ્રથાને કારણે અંગ્રેજી સ્ટેનોગ્રાફીની લાયકાત ધરાવતા મહેનતુ શિક્ષિત યુવાનો બેરોજગાર રહેવા પામી રહ્યા છે. કેટલાક યુવાનોએ તો કપરી કૌટુંબીક કે આર્થિક પરિસ્થિતિને પહોંચી વળવા કોન્ટ્રાકટર એજન્સીઓ થકી કામ મેળવ્યું છે પરંતુ તેમાં સરકારે મહેનતાણું ચુકવવાના નિયત કરેલ ધારાધોરણ મુજબ સહી કરાવી અથવા પુરી રકમનો ચેક આપી તેમાંથી રોકડ ઉપાડી નિયત હિસ્સો કોન્ટ્રાકટરને પરત કરવા યુવાનોને મજબૂર થવું પડતું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. અંગ્રેજીમાં શોર્ટ હેન્ડમાં કઠોર પરિશ્રમ કરતા યુવાનોને ભાષા કે જનરલ નોલેજના સબ્જેકટમાં ઓછા ગુણ મળે તેવું બને છે વળી, અંગ્રેજી સ્ટેનોગ્રાફી ના જાણતા હોય તેવા વર્ગ-૧, ૨ અને વર્ગ-૩ના કર્મચારીઓ તેમની સ્પર્ધાત્મકતા ચકાસવાના ઈરાદે ફોર્મ ભરી પ્રથમ લેવાતા ભાષા અને જનરલ નોલેજની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ જાય છે. સ્ટેનોગ્રાફી તેમનું લક્ષ્ય ના હોવા છતાં તેમના સમાવેશથી અંગ્રેજી સ્ટેનોગ્રાફીમાં મહેનત કરતા યુવા ઉમેદવારોને અન્યાય થાય છે. સરકારમાં લાંબા સમય સુધી અંગ્રેજી સ્ટેનોગ્રાફર ના મળવાથી જાહેરાતો આપવી પડે જેના કારણે આ યુવાનોને અવારનવાર ફોર્મ ભરવાની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે જેને કારણે આર્થિક ફટકો પણ પડે છે.

આ પરિસ્થિતિમાં અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧, ૨ અને ૩ તેમજ અંગ્રેજી રિપોર્ટરની વય નિવૃત્તિથી ખાલી પડેલી જગ્યાઓ માટે ઉદાર દિલ રાખી પોતાની સ્વેચ્છાએ કરાર આધારિત નિમણુંકો છોડીને યુવાન શિક્ષિત બેરોજગારોને તક આપવી જોઈએ.

# પેથાપુર સ્ટેન્ડે લગાવેલુ એસ.ટી. સમયપત્રક ઉખાડી ફેંકાયુ

## બાજુમાં જ પોલીસ સ્ટેશન હોવા છતાં થયેલું આ અજુગતુ કૃત્ય, સમયપત્રક મુજબ અને નિયમિત બસ આવે તેવા પ્રયાસોને ખોરવી નાંખવા થયેલું ષડયંત્ર : પોલીસ ફરિયાદની તજવીજ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરનું અવિભાજય અંગ ગણાતુ પેથાપુર એસ.ટી.થી વંચિત ન રહે તે માટે પ્રથમથી જ ગામના આગેવાનોએ પ્રયત્ન કરેલ હતા અને તે મુજબ પરિણામ પ્રાપ્ત થતાં ગ્રામજનોને એસ.ટી.નો પૂરતો લાભ મળી રહ્યો છે. હાલમાં પણ ગામ આગેવાનો તથા યુવા કાર્યકરો પેથાપુર ગામને એસ.ટી. સમયપત્રક મુજબ અને નિયમિત મળી રહે તેવો પરિશ્રમ કરી રહ્યા છે. જેમાં એસ.ટી. નિગમ પાસે માંગણી કરતાં એસ.ટી.નું સમયપત્રક સ્ટેન્ડ ઉપર લગાવવામાં આવ્યું હતું. પરંતુ કોઈ અજાણ્યા લોકો દ્વારા આ સમયપત્રકને ઉખાડીને ફેંકી દેવાયું છે. શુક્રવાર રાત્રીની બનેલી આ ઘટનામાં પોલીસ સ્ટેશન બાજુમાં જ હોવા છતાં થયેલા આ દુઃસાહસથી ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે.



ગાંધીનગર પહેલા અસ્તિત્વ ધરાવતુ પેથાપુર ગામ વસતી અને ક્ષેત્રફળ આધારે ખુબ જ વિકસિત થયું છે અને આશરે લગભગ આ વિસ્તારની ૨૫૦૦૦થી વધુ વસ્તીનું પરિવહન ક્ષેત્ર પેથાપુર રહેલું છે અને જે કારણે એસ.ટી. બસો પેથાપુર ગામ થઈને આવ-જા કરે છે જેનો લાભ આ મોટી સંખ્યામાં રહેતા રહીશોને મળી રહ્યો છે. એસ.ટી.ની નિયમિતતા અને તેની સમસ્યાઓ માટે હરહંમેશ ગામના આગેવાનો અને યુવા કાર્યકરો પ્રયત્નશીલ રહ્યા છે. જેના ફળસ્વરૂપ હાલ પેથાપુરના સ્ટેન્ડે સમયપત્રક લગાવવામાં આવ્યું હતું. નિગમ દ્વારા લગાવેલા આ સમયપત્રકનો ખર્ચ પણ સરકારી દફતરે નોંધવામાં આવેલો છે. આ સરકારી મિલકતને શુક્રવારના રાત્રીના કોઈ અજાણ્યા શખ્સો ઉખાડી નાંખી ફાડીને ફેંકી દેવાતાં વહેલી સવારે ગામમાં ભારે હોબાળો મચી ગયો હતો.

પોલીસ સ્ટેશનની નજીક જ આ બસ સ્ટેન્ડ આવેલું છે. છતાં કોઈ અજાણ્યા શખ્સોએ પોતના ફાયદા માટે જ આ કૃત્ય કર્યું હોવાનું પ્રથમ દૃષ્ટિએ લાગી રહ્યું છે. જો કે નજીકના સીસીટીવી ફુટેજ ધ્યાને લેવાય તો આ કૃત્ય કરનારા પકડાઈ જવાની શકયતા જણાઈ રહી છે. યુવા કાર્યકરો અને આગેવાનો એસ.ટી.નો લાભ ગ્રામજનોને મળી રહે તેવી તનતોડ મહેનત કરી રહ્યા છે ત્યારે કોઈ વિધ્ન સંતોષી આ પ્રકારનું કામ કરી રહ્યું છે જે અંગે નિગમ સાથે ચર્ચા કરી પોલીસ ફરીયાદની તજવીજ હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું છે.

# ગાંધીનગરના રાયફલ શુટર જય મહેતાની જર્મની ખાતે યોજાનાર ચેમ્પીયનશીપ માટે પસંદગી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના યુવા રાયફલ શુટર જય મહેન્દ્રભાઈ મહેતાની જર્મનીના હેનોવર શહેરમાં યોજાનાર '૧૨મી ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપ ઓફ હેનોવર' સ્પર્ધા માટે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે તથા શહેરના રમતજગત આલમમાં આનંદની લહેર પ્રસરી જવા પામી છે. જય મહેતાની આ સાથે '૪૯મી ગ્રાન્ડ પ્રિકસ ઓફ લીબરેશન પ્લેઝન ચેક રીપબ્લિક' સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.



ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપ ઓફ હેનોવરમાં જય મહેતા ૧૦ મીટર એર રાયફલ અને ૦.૨૨ પ્રોમ પોઝીશનની સ્પર્ધામાં ભારત વતી રમશે. જય મહેતા ગુજરાતના રાયફલ શુટીંગના જાણીતા ખેલાડી હોવા સાથે ગુજરાત સ્ટેટ રાયફલ એસોસીએશનના કોચ પણ છે. આ ઉપરાંત તેઓ ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન ખાતે પણ કોચ તરીકે સેવાઓ આપી રહ્યા છે. જય મહેતા એ સતત ત્રણ વર્ષ સુધી રાજય કક્ષાએ ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે તેમજ ગુજરાત રાજયનો રમત ગમત ક્ષેત્રનો પ્રતિષ્ઠિત 'જયદીપસિંહજી બારીયા એવોર્ડ' પણ મેળવ્યો છે. આ ઉપરાંત જય મહેતાએ રાષ્ટ્રીય કક્ષાની મહારાજ કરણીસિંઘ શુટીંગ ચેમ્પીયનશીપમાં પણ સિલ્વર મેડલ વિજેતા રહી ચુકયા છે. જય મહેતાને આઈઆઈટીઈના વાઈસ ચાન્સેલર શશીરંજન યાદવ તથા ગુજરાત સ્ટેટ રાયફલ એસોસીએશનના સેક્રેટરી મનિષભાઈ પટેલ સહિત અગ્રણીઓએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે.

## @ગાંધીનગર

● ઘ-૪ સર્કલ ખાતે સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક સુધી પુસ્તક પરબ યોજાશે

● ઈન્કમટેક્ષ રીટર્ન અંગે ફ્રી સેમીનાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન સે-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● શહેરમાં વસતા જણસારી મોચી સમાજની બેઠક સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન ડૉ. આંબેડકર હોલ સે-૧૨ ખાતે મળશે.

● વિશ્વ ગ્રામ પ્રેરીત વિચાર વર્તુળ દ્વારા ડૉ. વિનોદ જોશી સાહિત્ય અને સામાજીક નિસ્બત વિષય પર વકતવ્ય સવારે ૯.૩૦ થી ૧૧ વાગ્યા સુધી સે-૨૩ કડી સર્વ વિદ્યાલય કેમ્પસ, એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટ કલાસ રૂમ નં. ૪ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● બોરીજ ખાતે ગેરકાયદેસર પાકાં દબાણો હટાવવાના હાથ ધરાયેલા ઓપરેશન માટે તંત્ર દ્વારા ખાસ કર્મચારીઓની ફાળવણી કરવામાં આવી હતી. આ સાથે દબાણકર્તાઓને તેમનો સામાન સલામત રીતે ખસેડવા વાહન વ્યવસ્થા પણ તંત્ર દ્વારા પુરી પાડવામાં આવી હતી.

● દબાણ કર્તાઓને મકાનો ખાલી કરવાની જાહેરાત માટેની એનાઉન્સમેન્ટ સીસ્ટમની બેટરી ખરાબ હોવાથી ચાલુ થઈ શકી નહોતી. છેવટે નવી બેટરી લાવી લગાડાતા એનાઉન્સમેન્ટ શકય બન્યું હતું.

● દબાણ હટાવવાની કાર્યવાહી કરી રહેલા કર્મચારીઓ તથા પોલીસ કર્મીઓને ગરમીની સીઝનમાં તરસ લાગતા ગ્રામજનોએ પાણીની બોટલો પુરી પાડી હતી. ગ્રામજનોની ઉદારતાને કારણે કર્મચારીઓએ કૃતજ્ઞતા અનુભવી હતી.

● સાબરમતીમાં પાણી છોડાતા સંત સરોવરમાં ન્હાવા આવેલા સહેલાણીઓ તણાયા હતા જેમાં એક આશરે ૬ વર્ષીય બાળાનું ડુબી જવાથી મોત થયું હતું. આ બાળાને સિવિલ હોસ્પિટલ લવાઈ હતી જયાં તેના સગા સંબંધીઓએ ૧૦૮ મોડી પડવાને કારણે બાળા બચી શકી નથી તેવા આક્ષેપ સાથે પોસ્ટમોર્ટમ કરવા દેવા ઈન્કાર કર્યો હતો.

# સોમવારે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક મળશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની દરેક મહિનાની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક આ મહિને તા. ૭-૫-૨૦૧૮ના સોમવારે સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને સેકટર-૨૧માં આવેલ નમન એપાર્ટમેન્ટ ખાતે સાંજના ૫.૦૦ કલાકે મળશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે તો સંસ્થાના સભ્યો, પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ઉમેશભાઈ બાબરભાઈ ઠાકોર, ઉ.વ. ૨૨
- સ્વ. શાંતાબેન જવાનજી ઠાકોર, ઉ.વ. ૮૦
- સ્વ. સોલંકી જેણાજી વસાજી, ઉ.વ. ૭૧
- સ્વ. લક્ષ્મીબેન મણીલાલ ઠાકોર, ઉ.વ. ૯૫